BAOU Education for All
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ ભારત અને ગુજરાતમાં મંજૂર થયેલ પ્રોજેક્ટ અને પ્રોજેક્ટ પાછળ ફાળવાયેલ નાણાંકીય ખર્ચનો અભ્યાસ

RAKESH R KARMUR
ASSISTANT PROFESSOR – (ECONOMICS)
GEETANJALI INSTITUTE OF EDUCATION – RAJKOT

## 1) સારાંશ :

પ્રસ્તુત સંશોધનમાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (RKVY- raftaar) હેઠળ ભારત અને ગુજરાતમાં મંજૂર થયેલ પ્રોજેક્ટ અને પ્રોજેક્ટ પાછળ ફાળવાયેલ નાણાંકીય ખર્ચનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જે મુજબ ભારતમાં 18,443 મંજૂર થયેલ પ્રોજેક્ટમાંથી 8,809 પ્રોજેક્ટ પૂર્ણ થયા છે. અને 13,128.09 કરોડ નાણાંકીય રકમ ફાળવવામાં આવી હતી. ગુજરાતમાં કુલ 747 મંજૂર પ્રોજેક્ટમાંથી 347 પ્રોજેક્ટ પૂર્ણ થયા છે. કુલ 1,985.8315 કરોડ રૂપિયા ઉપયોગમાં લેવાયા છે. ભારત અને ગુજરાતમાં વર્ષ 2007-08 થી 2023 - 24ના વર્ષ દરમ્યાન માહિતી દ્વારા પ્રસ્તુત સંશોધન હાથ ધરાયું છે.

## 2) મહત્વનાં શબ્દો : RKVY, RAFTAAR, MOA & FW.

## 3) પ્રસ્તાવના :

સામાન્ય અર્થમાં ખેતી કળા અને વિજ્ઞાન છે. ભારત કૃષિપ્રધાન દેશ છે ભારત દેશની 45.5% વસ્તી ખેતી પર રોજગારી બાબતે અવલંબે છે. કૃષિ ભારતનો સૌથી મોટો ગ્રામોદ્યોગ છે. કૃષિ ગામડાના અસ્તિત્વનો આધાર છે તેથી જ કહી શકાય કે … **Agriculture sector is the lifeline of indian villages** કૃષિ એ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. આ માટે ભારતમાં ખેડૂતોનું આર્થિક કલ્યાણ થાય અને રોજગારી મળે, આવક વધે અને ખેડૂતોનું જીવનધોરણ સુધરે તે માટે સરકાર દ્વારા પ્રધાનમંત્રી ફસલ બીમાં યોજના પી.એમ કૃષિ ઉડાન યોજના. રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (tory) શરૂ કરવામાં આવી છે. પ્રસ્તુત સંશોધનમાં આપણે RKVY યોજનાનો પરિચય મેળવી

અભ્યાસ કરીશું.

## 4) સંદર્ભ સાહિત્યની સમીક્ષા :

1) **Bhagya vijayan, Rashmi Singh etc.(2022)**

સંશોધનકર્તા દ્વારા ઉત્તર પ્રદેશ અને કર્ણાટક રાજ્યમાં નાણાંકીય વર્ષ **2022** માં **rkvy - raftaar** યોજના હેઠળ સામાજિક - આર્થિક પરિવર્તન જાણવા સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બન્ને રાજ્યમાંથી (ઉતર-પ્રદેશ અને કર્ણાટકમાંથી) કુલ મળીને **80** બિન લાભાર્થી ખેડૂતોની મુલાકાત લેવામાં આવી હતી. બિન લાભાર્થી ખેડૂતોની સરખામણીમાં લાભાર્થી ખેડૂતની વાર્ષિક આવક, ઉદ્યોગ સાહસિક્તા, વ્યવસાયિક સ્થિતિ વગેરેમાં આર્થિક - સામાજિક પરિવર્તન જોવા મળ્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં યોજનાનો લાભ લીધા પહેલા અને યોજનાનો લાભ લીધા બાદની ખેડૂતોની આર્થિક - સામાજિક સ્થિતિ પર શું અસર થાય છે તે દર્શાવાઈ છે.

**2) Kalamkar, S. S., Swain. M and Bhaiya, S. R. (2015)**

પ્રસ્તુત સંશોધન રિપોર્ટમાં કુલ નવ પ્રકરણ આપવામાં આવ્યા છે જેમાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનાનો પરિચય, આ યોજના પાછળ ગુજરાત સરકારશ્રી દ્વારા ફાળવેલ કુલ રકમ અને આ યોજનાથી ગુજરાત રાજ્યના ખેડૂતોને કૃષિ ક્ષેત્રે કેવા લાભો પ્રાપ્ત થયા છે તેની ચર્ચા કરવામાં આવી હતી.

## 5) **સંશોધન અભ્યાસના હેતુઓ** :

**1)** Rkvy યોજનાનો પરિચય મેળવવો.

**2) Rkvy** યોજના હેઠળ ભારત અને ગુજરાતના મંજૂર પ્રોજેક્ટની સંખ્યા જાણવી.

**3)** ભારત અને ગુજરાતમાં **Rkvy** યોજના હેઠળ નાણાંકીય વર્ષ **2007-08** થી **2022 - 23** સુધીની

નાણાંકીય ફાળવણી જાણવી.

## 6) **યોજનાનો ઇતિહાસ** :

કૃષિક્ષેત્ર એ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. ભારત એ ગામડાંનો બનેલ દેશ છે અને મોટાભાગની વસ્તી રોજગારી બાબતે કૃષિ પર અવલંબે છે. પરંતુ ભારતમાં કૃષિ અને કૃષિ સંલગ્ન ક્ષેત્રોમાં વૃદ્ધિની ગતી ધીમી હતી જેથી સરકાર આ બાબતે ચિંતિત

હતી. ભારત સરકારની નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલ (NDC) ની 29 MAY 2007માં એક બેઠક મળી હતી આ બેઠકમાં ઠરાવ કરવામાં આવ્યો હતો કે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના શરૂ કરવામાં આવશે અને 11મી પંચવર્ષીય યોજના દરમિયાન કૃષિ ક્ષેત્રમાં વાર્ષિક 4% વૃદ્ધિ હાંસલ કરવાની પ્રતિબધ્ધતાને પુનઃ પુષ્ટિ કરી હતી. નાણાંકીય વર્ષ 2017-18 થી 2019-20 દરમ્યાન કૃષિ અને કૃષિ સંલગ્ન ક્ષેત્રના પુનઃરુત્થાન માટે નફાકારક અભિગમ RKVY નામ બદલાવીને rkvy - RAFTAAR કરવામાં આવ્યું હતું. RKVY-RAFTAAR rashtriy krishi Vikas Yojana remunerative approaches for agriculture and allied sectors rejuvenation આ યોજના (rkvy) ચાલુ રાખવા માટે મંજૂરી આપવામાં આવી છે. (1, નવેમ્બર 2017) ના રોજ તેનો ઉદ્દેશ ખેડૂતના પ્રયત્નોને મજબૂત કરી જોખમ ઘટાડી, કૃષિ વ્યવસાયિકતાને પ્રોત્સાહન આપી કૃષિને નફાકારક બનાવવાનો છે. Rkvy government of India, ministry of agriculture and farmers welfare (moa & tw) ની હેઠળ કામ કરતી મુખ્ય યોજના છે.

## 7) **સંશોધન પદ્ધતિ :**

સંશોધનકર્તા દ્વારા સંશોધન અભ્યાસ માટે જુદી જુદી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. સમસ્યાના પ્રકાર અને સંશોધનના સ્વરૂપને આધારે સંશોધન પદ્ધતિની પસંદગી થતી હોય છે. ઐતિહાસિક સંશોધન પદ્ધતિ, વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ, પ્રાયોગિક સંશોધન પદ્ધતિ વગેરે સંશોધન પદ્ધતિના પ્રકાર છે. પ્રસ્તુત સંશોધનમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કે પ્રયોગ કરવામાં આવ્યો છે . જે અંતર્ગત નાણાકીય વર્ષ 2007-08 થી વર્ષ 2023-24 દરમિયાનના ભારત અને ગુજરાતના સંદર્ભમાં rkvy - raftaar યોજના હેઠળ મંજૂર પ્રોજેક્ટ અને પ્રોજેક્ટ પાછળ નાણાકીય ખર્ચનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.

## 8) **માહિતી એકત્રીકરણ અને પૃથ્થકરણ :**

પ્રસ્તુત સંશોધન ગૌણ માહિતીનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવ્યું છે. નાણાકીય વર્ષ 2007 - 08 થી 2022-23 દરમ્યાન rkvy યોજના અંતર્ગત મંજૂર પ્રોજેક્ટની સંખ્યા અને તેની પાછળ ફાળવાયેલા નાણાંની રકમનો અભ્યાસ કરવામાં આવ્યો છે. સંશોધન માટે સંદર્ભ સાહિત્ય ગ્રંથો, ગૂગલ, સરકાર અધિકૃત વેબસાઇટ, વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ભારતમાં નાણાકીય વર્ષ 2007-08 થી વર્ષ 2023-24 સુધી મંજૂર થયેલ પ્રોજેક્ટની

**સંખ્યા**

| ક્રમ | નાણાકીય વર્ષ | મંજૂર પ્રોજેક્ટ | ટકાવારી | ટકાવારી ફેરફાર |
|---|---|---|---|---|
| 1 | 2007-08 | 482 | 100% | 00 |
| 2 | 2008-09 | 867 | 179.87 | 79.87(+) |
| 3 | 2009-10 | 1178 | 244.39 | 144.39(+) |
| 4 | 2010-11 | 1618 | 335.68 | 235.68(+) |
| 5 | 2011-12 | 1614 | 334.85 | 234.85(+) |
| 6 | 2012-13 | 1820 | 377.59 | 277.59(+) |
| 7 | 2013-14 | 1508 | 312.86 | 212.86(+) |
| 8 | 2014-15 | 2149 | 445.85 | 345.85(+) |
| 9 | 2015-16 | 1200 | 248.96 | 148.96(+) |
| 10 | 2016-17 | 1230 | 255.18 | 155.18(+) |
| 11 | 2017-18 | 1136 | 235.68 | 135.38(+) |
| 12 | 2018-19 | 951 | 197.30 | 97.30(+) |
| 13 | 2019-20 | 989 | 205.18 | 105.18(+) |
| 14 | 2020-21 | 769 | 159.54 | 59.54(+) |
| 15 | 2021-22 | 572 | 118.67 | 18.67(+) |
| 16 | 2022-23 | 310 | 64.31 | 35.69(-) |
| 17 | 2023-24 | 80 | 16.59 | 83.14(-) |
| | **Total =** | **= 18473** | | |

**Source : http//.rkvy.nic.in**

**કોષ્ટક -1**

પ્રસ્તુત કોષ્ટકમાં ભારતમાં નાણાકીય વર્ષ 2007-08 થી વર્ષ 2023-24 સુધી મંજૂર થયેલ પ્રોજેક્ટ અને તેમાં કેટલા ટકા માં પ્રોજેક્ટનો પ્રત્યેક વર્ષે વધારો થાય છે અને કેટલા ટકાવારી ફેરફાર થયા છે તે દર્શાવવામાં આવ્યું છે અહીં જોઈ શકાય છે કે

વર્ષ 2007-08 માં મંજૂર પ્રોજેક્ટની સંખ્યા 482 હતી. તે વધી 2008-09 માં 887 થઈ છે અને પ્રોજેક્ટમાં 159.87 ટકા પ્રોજેક્ટનો વધારો થયો છે વર્ષ 2014-15 માં સૌથી વધુ 2149 પ્રોજેક્ટ મંજૂર થયેલ છે અને 445.45 ટકા પ્રોજેક્ટમાં વધારો થયો છે અને 345.85 (+) ટકાવારી ફેરફાર થયેલ છે. નાણાકીય વર્ષ 2022- 23 અને 2023-24 ના અપવાદને બાદ કરતા મંજૂર પ્રોજેક્ટની સંખ્યામાં વધારો થતો રહ્યો છે .વર્ષ 2023-24 માં માત્ર 80 પ્રોજેક્ટ 16.69 ટકા સાથે 80 પ્રોજેક્ટ જ મંજૂર થયા છે જે સૌથી ઓછા છે.

**ભારતમાં વર્ષ 2007-08 થી વર્ષ 2023- 24 સુધી મંજૂર પ્રોજેક્ટ પાછળ થયેલ નાણાકીય ખર્ચની રકમ**

| ક્રમ | નાણાકીય વર્ષ | ખર્ચ ( કરોડમાં) | ટકાવારી | ટકાવારી ફેરફાર |
|---|---|---|---|---|
| 1 | 2007 – 08 | 1475.85 | 100 | 00 |
| 2 | 2008 – 09 | 3985.42 | 270.04 | 170.04(+) |
| 3 | 2009 – 10 | 4765.48 | 322.89 | 222.89(+) |
| 4 | 2010 – 11 | 4399.28 | 298.08 | 198.08(+) |
| 5 | 2011 – 12 | 8809.23 | 596.89 | 496.89(+) |
| 6 | 2012 – 13 | 12515.13 | 847.99 | 747.99(+) |
| 7 | 2013 – 14 | 21565.16 | 1461.20 | 1361.20(+) |
| 8 | 2014 – 15 | 21936.70 | 1486.37 | 1386.37(+) |
| 9 | 2015 – 16 | 7040.77 | 477.06 | 377.06(+) |
| 10 | 2016 – 17 | 8502.49 | 576.10 | 476.10(+) |
| 11 | 2017 – 18 | 8354.25 | 566.06 | 466.06(+) |
| 12 | 2018 – 19 | 6074.12 | 411.56 | 311.56(+) |
| 13 | 2019 – 20 | 5035.37 | 341.18 | 241.18(+) |
| 14 | 2020 – 21 | 5106.12 | 346.01 | 246.01(+) |
| 15 | 2021 – 22 | 3483.20 | 236.01 | 136.01(+) |
| 16 | 2022 – 23 | 2626.59 | 177.97 | 77.97(+) |

| | | | | |
|---|---|---|---|---|
| 17 | 2023 – 24 | 452.33 | 30.64 | 69.36(-) |
| | **Total =** | **= 13128.09** | | |

Source : http//.rkvy.nic.in

**કોષ્ટક- 2**

પ્રસ્તુત કોષ્ટકમાં ભારતમાં નાણાકીય વર્ષ 2007-08 થી વર્ષ 2023- 24 સુધી મંજૂર પ્રોજેક્ટ પાછળ થયેલ નાણાકીય ખર્ચની રકમ અને નાણાકીય ખર્ચમાં ટકાવારી પ્રમાણ અને ટકાવારી ફેરફાર દર્શાવવામાં આવ્યું છે અહીં જોઈ શકાય છે કે વર્ષ 2007-08માં મંજૂર થયેલ પ્રોજેક્ટ પાછળ 1,475.85 કરોડ ફાળવ્યા હતા તે વધીને નાણાકીય વર્ષ 2008 - 09 માં 3985.42 કરોડ ખર્ચ થયો છે. તેમજ નાણાકીય વર્ષ 2014-15માં સૌથી વધુ 21,936.70 કરોડ રૂપિયા 1486.37% ના વધારા સાથે ફાળવાયેલ છે અને 1386.37(+) ટકાવારી ફેરફાર થયેલ છે. નાણાકીય વર્ષ 2007-08 થી લઈ 2020-21 સુધી મંજૂર થયેલ પ્રોજેક્ટ પાછળ ખર્ચ અને ખર્ચ ટકા, ટકાવારી ફેરફારમાં વધારો થતો રહ્યો છે પરંતુ વર્ષ 2021-22 થી 2023- 24 માં પ્રોજેક્ટ પાછળ ફાળવેલ ખર્ચ અને ખર્ચના ટકા અને ટકાવારી ફેરફારનું પ્રમાણ ઘટતું જોવા મળે છે. વર્ષ 2023-24 માં માત્ર 452.33 કરોડ ખર્ચ 30.64 %, તેમજ 69.36(-) ટકાવારી ફેરફાર થયો છે જે સૌથી ઓછું જણાય છે.

**ગુજરાતમાં Rkvy યોજના અંતર્ગત વર્ષ 2007-08 થી 2022-23 મંજૂર અને પૂર્ણ થયેલ પ્રેજેક્ટ સંખ્યા**

| ક્રમ | નાણાકીય વર્ષ | મંજૂર પ્રોજેક્ટ | ટકાવારી | ટકાવારી ફેરફાર |
|---|---|---|---|---|
| 1 | 2007 – 08 | 12 | 100 | 00 |
| 2 | 2008 – 09 | 64 | 533.33 | 433.33(+) |
| 3 | 2009 – 10 | 61 | 508.33 | 408.33(+) |
| 4 | 2010 – 11 | 106 | 883.33 | 783.33(+) |
| 5 | 2011 – 12 | 87 | 725 | 625(+) |
| 6 | 2012 – 13 | 118 | 983.33 | 883.33(+) |
| 7 | 2013 – 14 | 24 | 200 | 100(+) |
| 8 | 2014 – 15 | 29 | 241.66 | 141.66(+) |

| | | | | |
|---|---|---|---|---|
| 9 | 2015 – 16 | 19 | 158.33 | 58.33(+) |
| 10 | 2016 – 17 | 23 | 191.66 | 91.66(+) |
| 11 | 2017 – 18 | 47 | 391.66 | 291.66(+) |
| 12 | 2018 – 19 | 56 | 466.66 | 366.66(+) |
| 13 | 2019 – 20 | 59 | 491.66 | 391.66(+) |
| 14 | 2020 – 21 | 14 | 116.66 | 16.66(+) |
| 15 | 2021 – 22 | 28 | 233.33 | 133.33(+) |
| 16 | 2022 – 23 | 00 | 00 | 00(-) |
| | **Total =** | **= 747** | | |

**Source : http//.rkvy.nic.in**

**કોષ્ટક -3**

પ્રસ્તુત કોષ્ટકમાં ગુજરાતમાં નાણાકીય વર્ષ 2007-08 થી 2023-24 સુધી મંજૂર થયેલ પ્રોજેક્ટ અને પ્રોજેક્ટમાં કેટલા ટકા માં વધારો થયો છે અને કેટલો ટકાવારી ફેરફાર થયો છે તે દર્શાવવામાં આવ્યું છે. અહીં જોઈ શકાય છે કે નાણાકીય વર્ષ 2007-08માં ગુજરાતમાં મંજૂર થયેલ પ્રોજેક્ટની સંખ્યા માત્ર 12 છે તે વધીને નાણાકીય વર્ષ 2008-09 માં 64 થઈ છે અને પ્રોજેક્ટમાં 533.33% વધારો થયો છે. 433.33(+) ટકાવારી ફેરફાર થયો છે નાણાકીય વર્ષ 2012 -13 માં 983 -33% સાથે સૌથી વધુ 118 project મંજૂર થયા છે અને 33.33 (+) ધરખમ ટકાવારી ફેરફાર થયો છે નાણાકીય વર્ષ 2007-08 થી લઈ 2021-22 સુધી ચડાઉ -ઉતાર સાથે પ્રોજેક્ટની સંખ્યામાં અને ટકાવારીમાં વધારો થયો છે પરંતુ 2023-24 માં શૂન્ય (0) પ્રોજેક્ટ મંજૂર થયા છે જે સૌથી ઓછા પ્રોજેક્ટ મંજુર થયેલ છે.

**ગુજરાતમાં Rkvy યોજના અંતર્ગત વર્ષ 2007-08 થી 2022-23 સુધી મંજૂર પ્રોજેક્ટ પાછળ થયેલ નાણાકીય ખર્ચની રકમ**

| ક્રમ | નાણાકીય વર્ષ | ખર્ચ ( કરોડમાં) | ટકાવારી | ટકાવારી ફેરફાર |
|---|---|---|---|---|
| 1 | 2007 – 08 | 46.8196 | 100 | 00 |
| 2 | 2008 – 09 | 352.0778 | 751.98 | 651.98(+) |
| 3 | 2009 – 10 | 329.7703 | 704.34 | 604.34(+) |

| | | | | |
|---|---|---|---|---|
| 4 | 2010 – 11 | 468.4582 | 1000.56 | 900.56(+) |
| 5 | 2011 – 12 | 821.7064 | 1755.04 | 1655.04(+) |
| 6 | 2012 – 13 | 1005.6718 | 2147.97 | 2047.97(+) |
| 7 | 2013 – 14 | 34.8488 | 728.00 | 628.00(+) |
| 8 | 2014 – 15 | 1048.3414 | 2239.18 | 2139.10(+) |
| 9 | 2015 – 16 | 254.1034 | 542.72 | 442.72(+) |
| 10 | 2016- 17 | 298.9494 | 638.50 | 538.50(+) |
| 11 | 2017 – 18 | 724.4808 | 1537.38 | 1447.38(+) |
| 12 | 2018 – 19 | 536.5880 | 1146.07 | 346.07(+) |
| 13 | 2019 – 20 | 301.8501 | 644.70 | 344.30(+) |
| 14 | 2020 – 21 | 152.2962 | 325.28 | 225.28(+) |
| 15 | 2021 – 22 | 135.9387 | 290.34 | 180.34(+) |
| 16 | 2022 – 23 | 00 | 00 | 00(-) |
| | **Total =** | **= 6817.8949** | | |

**Source : http//.rkvy.nic.in**

**કોષ્ટક - 4**

ગુજરાતમાં નાણાકીય વર્ષ 2007-08 થી વર્ષ 2022-23 સુધી મંજૂર થયેલ પ્રોજેક્ટ પાછળ ફાળવેલ ખર્ચ અને ફાળવેલ નાણાકીય ખર્ચમાં કેટલા ટકા અને ટકાવારી ફેરફાર થયા છે તે દર્શાવવામાં આવ્યું છે વર્ષ 2007-08 માં 46.8196 કરોડ ખર્ચ કરવામાં આવ્યા હતા અને 2008-09 માં તે વધીને 352.0778 કરોડ રૂપિયા ફાળવાયા હતા. તેમાં 751.95 % નો નાણાકીય વધારો થયો હતો. જ્યારે 651.98 (+) ટકાવારી ફેરફાર થયો હતો. વર્ષ 2014-15 દરમિયાન સૌથી વધુ 1048.3414 કરોડ ફાળવવામાં આવ્યા હતા તેમજ 2239.10 % ખર્ચમાં અન્ય વર્ષની સાપેક્ષમાં વધારો થયો છે જ્યારે 2149.10 (+) નો ટકાવારી ફેરફાર થયો છે. નાણાકીય વર્ષ 2022-23 માં 0 પ્રોજેક્ટ પાછળ ખર્ચ કરવામાં આવ્યું છે જે સૌથી ઓછું છે. નાણાકીય વર્ષ 2022-23 ના અપવાદને બાદ કરતાં ગુજરાતમાં rkvy યોજના હેઠળના મંજૂર પ્રોજેક્ટ પાછળ ખર્ચમાં સતત ચડાઉ-ઉતાર સાથે વધારો જોવા મળે છે.

**ભારત અને ગુજરાતમાં મંજૂર થયેલ અને પૂર્ણ થયેલ પ્રોજેક્ટ 2007-08 થી 2023-24**

| નાણાકીય વર્ષ | મંજૂર થયેલ પ્રોજેક્ટ ( ભારતમાં ) | કુલ પૂર્ણથયેલ પ્રોજેક્ટ ( ભારતમાં ) | મંજૂર થયેલ પ્રોજેક્ટ ( ગુજરાતમાં ) | મંજૂર થયેલ પ્રોજેક્ટ ( ગુજરાતમાં ) |
|---|---|---|---|---|
| 2007 - 08 | 482 | 439 | 12 | 12 |
| 2008 - 09 | 867 | 738 | 64 | 62 |
| 2009- - 10 | 1178 | 989 | 61 | 51 |
| 2010-11 | 1618 | 1225 | 106 | 87 |
| 2011 - 12 | 1614 | 996 | 87 | 49 |
| 2012 - 13 | 1820 | 1084 | 118 | 33 |
| 2013 - 14 | 1508 | 881 | 24 | 05 |
| 2014 - 15 | 2149 | 1263 | 29 | 15 |
| 2015 - 16 | 1200 | 304 | 19 | 5 |
| 2016 - 17 | 1230 | 290 | 23 | 5 |
| 2017 - 18 | 1136 | 225 | 47 | 3 |
| 2018 - 19 | 951 | 128 | 56 | 0 |
| 2019 - 20 | 989 | 139 | 59 | 0 |
| 2020 - 21 | 769 | 71 | 14 | 0 |
| 2021 - 22 | 572 | 36 | 28 | 0 |
| 2022 - 23 | 310 | 01 | 00 | 0 |
| 2023 - 24 | 80 | 00 | -- | -- |
| **Total =** | **= 18473** | **= 8809** | **= 747** | **= 327** |


Source : http//.rkvy.nic.in

કોષ્ટક -05

અહીં પ્રસ્તુત કોષ્ટકમાં ભારતમાં નાણાકીય વર્ષ 2007-08 થી 2023-24 સુધીમાં કુલ મંજૂર થયેલ પ્રોજેક્ટ અને તેમાંથી કુલ પૂર્ણ થયેલ પ્રોજેક્ટ દર્શાવેલ છે. નાણાકીય વર્ષ 2014-15 માં સૌથી વધુ 2149 પ્રોજેક્ટ મંજૂર થયેલ છે અને નાણાકીય વર્ષ 2023-24 માં સૌથી ઓછા 80 પ્રોજેક્ટ મંજૂર થયેલ છે. ભારતમાં વર્ષ 2014-15


દરમિયાન સૌથી વધુ 1263 પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે અને નાણાકીય વર્ષ 2022-23 દરમિયાન માત્ર એક જ પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે જે સૌથી ઓછા પૂર્ણ પ્રોજેક્ટ થયેલ છે. પ્રસ્તુત કોષ્ટકમાં પ્રોજેક્ટની સંખ્યા જોતા જણાય છે કે ગુજરાતમાં નાણાકીય વર્ષ 2012-13 દરમિયાન સૌથી વધુ પ્રોજેકટ (118) મંજૂર થયેલ છે અને નાણાકીય વર્ષ 2022- 23 માં સૌથી ઓછા પ્રોજેક્ટ મંજુર થયેલ છે. ગુજરાતમાં નાણાકીય વર્ષ 2010-11 માં સૌથી વધુ 87 પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે. જ્યારે 2018-19 થી 2022-23 સુધી (0) પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે જે સૌથી ઓછા પૂર્ણ થયેલ પ્રોજેક્ટ છે.

**આલેખ - A :**




અહીં પ્રસ્તુત આલેખ - A માં આડી ધરી પર નાણાકીય વર્ષ 2007-08 થી 2023-24 દર્શાવેલ છે જ્યારે ઊભી ધરી પર Rkvy યોજના અંતર્ગત ગુજરાતમાં મંજૂર થયેલા અને પુર્ણ થયેલા પ્રોજેક્ટની સંખ્યા દર્શાવેલ છે ગુજરાતમાં નાણાકીય વર્ષ 2007-08 થી 2012-13 સુધી મંજૂર થયેલ પ્રોજેક્ટની સંખ્યામાં વધારો જોવા મળે છે તેથી ગ્રાફ ઊંચો આવે છે અને પોલ વધે છે. પરંતુ ત્યારબાદ નાણાંકીય વર્ષ 2013-14 થી 2023-24 સુધીમાં મંજૂર થયેલ પ્રોજેક્ટ અને પૂર્ણ થયેલ પ્રોજેક્ટની સંખ્યામાં સાતત્યતા જોવા મળતી નથી અને ચડાવ-ઉતાર જોવા મળે છે તેથી ગ્રાફ નીચો આવે છે અને પોલમાં પણ વધારો ઘટાડો થતો રહે છે.

**આલેખ - B :**



અહીં પ્રસ્તુત આલેખ –B માં આડી ધરી પર નાણાકીય વર્ષ 2007-08 થી 2022-23 દર્શાવેલ છે જ્યારે ઊભી ધરી પર Rkvy યોજના અંતર્ગત ગુજરાતમાં મંજૂર થયેલા અને પુર્ણ થયેલા પ્રોજેક્ટની સંખ્યા દર્શાવેલ છે ગુજરાતમાં નાણાકીય વર્ષ 2007-08 થી 2012-13 સુધી મંજૂર થયેલ પ્રોજેક્ટની સંખ્યામાં વધારો જોવા મળે છે તેથી ગ્રાફ ઊંચો આવે છે અને પોલ વધે છે. પરંતુ ત્યારબાદ નાણાકીય વર્ષ 2013-14 થી 2022-23 સુધીમાં મંજૂર થયેલ પ્રોજેક્ટ અને પૂર્ણ થયેલ પ્રોજેક્ટની સંખ્યામાં સાતત્યતા જોવા મળતી નથી અને ચડાવ-ઉતાર જોવા મળે છે તેથી ગ્રાફ નીચો આવે છે અને પોલમાં પણ વધારો - ઘટાડો થતો રહે છે.

## 9) સંશોધનની મર્યાદાઓ

1) પ્રસ્તુત સંશોધનમાં માત્ર ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
2) પ્રસ્તુત સંશોધનમાં ગુજરાતમાં નાણાકીય વર્ષ 2007-08 થી 2022-23 નો જ અભ્યાસ કરવામાં આવ્યો છે પરંતું નાણાકિય વર્ષ 2023-24નો અભ્યાસ કરાયો નથી.
3) પ્રસ્તુત સંશોધનમાં ગુજરાતમાં અને ભારતમાં કુલ મંજૂર થયેલ પ્રોજેક્ટ અને પૂર્ણ થયેલ પ્રોજેક્ટ તેમજ તેમના પાછળ ફાળવાયેલા ખર્ચનો જ અભ્યાસ કરવામાં આવ્યો છે પરંતુ ક્યાં ક્ષેત્રમાં ( irrigation, seed, compost) વગેરેનો અભ્યાસ કરાયો નથી.

## 10) તારણો :

1) Rkvy યોજના હેઠળ ભારતમાં મંજૂર થયેલ પ્રોજેક્ટની સંખ્યામાં અને મંજૂર પ્રોજેક્ટ પાછળ નાણાકિય ખર્ચમાં અમુક અપવાદરૂપ વર્ષ સિવાય વધારો થયો છે.
2) Rkvy યોજના હેઠળ ગુજરાતમાં મંજૂર થયેલ પ્રોજેક્ટ અને પૂર્ણ થયેલ પ્રોજેક્ટમાં એકસૂત્રતા જળવાતી નથી અને ચડાવ ઉતાર જોવા મળે છે.
3) પ્રસ્તુત સંશોધનમાં ભારત અને ગુજરાતમાં અમુક અપવાદરૂપ વર્ષને બાદ કરતાં પ્રોજેક્ટ પાછળ ફાળવાયેલા નાણાકીય ખર્ચમાં સતત વધારો થતો રહ્યો છે.
4) ભારતમાં વર્ષ 2007-08 થી 2023-24 સુધી Rkvy યોજનાના પ્રતિ પ્રોજેકટ પાછળ અંદાજે 7,044 કરોડ ખર્ચવામાં આવ્યા છે.

5) ગુજરાતમાં વર્ષ 2007-08 થી 2022-23 સુધી Rkvy યોજનાનાં પ્રતિ પ્રોજેક્ટ પાછળ અંદાજે 9.12 કરોડ ખર્ચવામાં આવ્યા છે.

## 11) ઉપસંહાર :

આમ પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં Rkvy યોજનાનો પરિચય મેળવી તે અંતર્ગત ભારત અને ગુજરાતમાં Rkvy યોજનાનાં નાણાકિય વર્ષ 2007-08 થી 2023-24 દરમ્યાન પ્રોજેક્ટની સંખ્યા તેના પાછળ ફાળવાયેલા નાણાકીય ખર્ચના વલણોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસ ભારતમાં RKVY યોજનાં માટે અભ્યાસોમાં મદદરૂપ થશે. સરકારને Rkvy પ્રોજેક્ટની સંખ્યા અને ખર્ચના તુલનાત્મક વલણ જાણવા પ્રસ્તુત સંશોધન મદદરૂપ નીવડશે.

## ➢ સંદર્ભ સૂચિ :


Bhagya vijayan, Rashmi Singh etc.(2022) *Socio- economic transformation through Rkvy Raftaar in Uttar Pradesh and Karnataka.* Indian Journal of Extension Education.

Kalamkar, S. S., Swain. M and Bhaiya. S. R.(2015) *Impact evaluation of Rashtriya Krishi Vikas Yojana (RKVY) in Gujarat.* Agro-Economic and Research Centre Report. Sardar Patel University Anand, Gujarat.

Sahil, Garg and Kaur, Prabhajot. (2014) *Problems faced by the fruit growers in availing the services under National Horticulture Mission.* Indian Journal of Social Research.

http//.rkvy.nic.in

http//agricooo.gov.in

http//spuvvn.edu